**કેસ દાખલ તારીખ:- ૨૧.૦૩.૨૦૨૪**
**કેસ નોંધ્યા તારીખ:- ૨૧.૦૩.૨૦૨૪**
**કેસ ફેસલ તારીખ:- ૧૩.૦૫.૨૦૨૬**
**અવધિ: ૦૨ વર્ષ: ૦૧ માસ: ૨૨ દિવસ:**

**શ્રમ અદાલત ન. ૧ . વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી જે.એમ.ચૌહાણ સમક્ષ.**
**રેફરન્સ (એલ.સી.વી) નં. ૬૪/૨૦૨૪**
**આંક: ૬**

**પ્રથમ પક્ષકાર:-** **આર. આર. કેબલ**
સ..૨૦૧, ૨૦૨, ૩૨૭/૩,
વાઘોડીયા, વડોદરા

**::-વિરુધ્ધ ::-**

**બીજા પક્ષકાર:-** **શ્રી રાજ કુમાર સુરેન્દ્રભાઈ શાહ**
કે/ઓ- ન્યુ યુનાઈટેડ એમ્પ્લોઇઝ યુનિયન,
૧૦, જગન્નાથપુરમ કોમ્પ્લેક્ષ,
લાલબાગ રોડ, વડોદરા.

હાજર રહ્યા:
પ્રથમ પક્ષકાર તરફે: વિ. વ.શ્રી જે.એમ.પટેલ
બીજા પક્ષકાર તરફે: વિ. યુનિ. પ્રતિનીધીશ્રી ઈદ્રીસભાઈ આઈ.વ્હોરા

**::-એવોર્ડ::-**

(૧) સદર કામના પ્રથમ પક્ષકાર સામે હાલના બીજા પક્ષકારનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વડોદરાની કચેરીના સંયુકત હુકમ ક્રમાંક: કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે./૪૧૯૫,તારીખ:૨૧/૦૩/૨૦૨૪ થી બીજા પક્ષકાર/શ્રમયોગીને તેમના પડેલા દિવસોના પગાર સહીત

મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં પુન:સ્થાપિત કરવા કે કેમ? તે મુદ્દાના ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

**(૨)** રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, જે તેઓને બજી ગયેલ છે બાદ આ કામે પ્રથમ પક્ષકાર તરફે વિ. વ.શ્રી એ આંક–પ થી બીજા પક્ષકાર પોતાનું માગણાનું નિવેદન રજુ કરતા ન હોય જેથી તેમનો માગણાનુ નિવેદન રજુ કરવાનો હક બંધ કરવા સબબની અરજી રજુ રાખેલ જે મંજુર કરવામાં આવે છે. સામાવાળા તરફે લેખિત જવાબ રજુ કરવાનો પ્રશ્ન નથી.

**(૩)** આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં બીજા પક્ષકારે કોઈ માંગણાનું નીવેદન રજુ કરેલ નથી કે તેના સમર્થનમાં કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. જેથી સામાવાળાએ પણ હાલના કામે કોઈ લેખિત જવાબ કે પુરાવો રજુ કરેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં બીજા પક્ષકાર તેમના કેસની હકીકતો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– હુકમ::–**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.વી.) નં. ૬૪/૨૦૨૪ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૩) હાલનો ચુકાદો ઔધોગિક તકરાર ધારાની કલમ–૧૭ (૧) મુજબ સમુચિત સરકારને પ્રસિધ્ધ કરવા મોકલવો.

**તારીખ: ૧૩/૦૫/૨૦૨૬**
**સ્થળ: વડોદરા.**
મીનાબહેન.ડી.બારોટ (સ્ટેનો)

**(જ્યોતિબેન માધવલાલ ચૌહાણ)**
**પ્રિસાઈડીંગ ઓફિસર**
**મજુર અદાલત (નં.૧), વડોદરા.**
**યુ. આઈ. કોડ નં. જી.જે.૦૦૭૨૮**